# ચૂલગિરિ

● આવાગમન................: રેલ્વે સ્ટેશન : જયપુર - ૧૧ કિ.મી.
બસ સ્ટેશન : સિંધી કેમ્પ બસ સ્ટેન્ડ, જયપુર - ૧૦ કિ.મી.

● નજીકનું મુખ્ય શહેર .......: જયપુર - ૫ કિ.મી.

● નજીકના તીર્થક્ષેત્રો .........: પદમપુરા, સાંગાનેર, આમેર

આ ક્ષેત્રને "શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર શ્રી પાર્શ્વનાથ ચૂલગિરિ" કહે છે. સાંગાનેરથી ચૂલગિરિ વાયા જયપુર માત્ર ૧૮ કિ.મી. છે. જયપુરથી ચૂલગિરિ માત્ર ૫ કિ.મી. છે. શ્રી દિગંબર જૈન પ્રાઈવેટ મુરલીધરજી રાણાની નસીયા-ગામમાં તળેટીમાં આ મંદિર છે. બાકી મુખ્ય મંદિર પહાડ ઉપર છે. નીચેના ગામના મંદિરમાં-ખાનીયામાં તત્વચર્ચા થઈ હતી. પૂજ્ય ગુરુદેવશ્રી અને પંડિતો સાથે આ ખાનીયા ગામમાં તત્વ સંબંધી ખૂબ ચર્ચા થઈ હતી. તેનું પુસ્તક "ખાનીયા તત્વચર્ચા" છપાયું હતું, જે સૌ કોઈ જાણે છે. અહીં એક મોટો હોલ છે, જેમાં બદામી આરસના થાંભલા છે. અહીંના મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન છે, જે કથ્થાઈ જેવા રંગના આરસના પદ્માસન ૨ ફીટના ભગવાન છે, જે આરસની ગંધકૂટીમાં બિરાજમાન કરેલા છે. ગંધકૂટીમાં સોનાનું તથા રંગબેરંગી કામ કરેલું છે. આ મંદિરના મુખ્ય દ્વારના બારણા પિત્તળનાં છે, જેમાં ઘણું નકશીકામ કરેલું છે. આખા મંદિરમાં રંગબેરંગી સુવર્ણકામ કરેલું છે. તેમજ મંદિરમાં ઘણા ઐતિહાસિક અને ધાર્મિક ચિત્રપટો છે, જેવા કે (૧) શ્રી નંદીશ્વરદ્વીપની રચના (૨) મુક્તાગિરિ (૩) જૈનબીદ્રી (૪) ભગવાનના પાંચ કલ્યાણક (૫) કલ્પવૃક્ષ (૬) સંસારની રચના (૭) ચંપાપુરીજી (૮) સુમેરૂ વિગેરે ઘણા ચિત્રપટો છે. મંદિરની છતમાં સોનાનું કામ અને રંગબેરંગી ડિઝાઈન અતિ સુંદર છે. તે સિવાય અહીં પંચધાતુના ચૌમુખી ચોવીસ તીર્થંકર ભગવંતો છે. તે સિવાય પંચધાતુના બીજા ચોવીસ તીર્થંકર ભગવંતો છે. તેમની બાજુમાં ૯ ઈંચના પંચધાતુના બે પ્રતિમાજી છે.

બહાર ચોકમાં આરસનો માનસ્થંભ છે, જેમાં નીચે નાનકડા ૯ ઈંચના સફેદ આરસના પદ્માસન પ્રતિમાજી છે. નીચે તળેટીમાં ધર્મશાળા છે, જેમાં ઘણી રૂમો છે.

તળેટીથી પહાડ ૪ કિ.મી. નું ચઢાણ છે. પરંતુ પાસે પથ્થરનો બાંધેલો રસ્તો છે. તેથી આરામથી ચઢી જવાય છે. જેઓ વૃદ્ધ હોય અને ચઢી શકે તેમ ન હોય તેમને માટે તળેટીથી છેક ઉપર પહાડ સુધી જવા માટે સંસ્થાએ બસની વ્યવસ્થા રાખેલ છે. ચાર્જ લઈને બસમાં સૌને ઉપર લઈ જાય છે. પ્રાઈવેટ ગાડી કે જીપ હોય તો તે પણ ઉપર લઈ જઈ શકાય છે. પહાડ ઉપર જવાનો રસ્તો એવો છે કે એક બાજુ પહાડ છે અને બીજી તરફ મોટી ખીણ છે. આબુમાં દેલવાડાના દહેરામાં

જતાં જેવો રસ્તો આવે છે તેવો જ રસ્તો અહીં છે. પરંતુ ઉપર જવાનો પથ્થરનો પાકો રસ્તો ઘણો જ મોટો અને પહોળો છે. તેથી ખીણમાં પડી જવાનો જરા પણ ભય નથી. થોડુ ચાલ્યા પછી ડામરનો પાકો રસ્તો આવે છે. પહાડનું મંદિર આખો દિવસ ખુલ્લું રહે છે. રાત્રે ૮:૦૦ વાગ્યે મંદિર બંધ થાય છે. ઈ. સ. ૧૯૫૩માં માગશર વદ-૧૧ના રોજ શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકના દિવસે શિખરનું નામ "ચૂલગિરિ" રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૧૦ મે થી તા. ૧૫ મે, ૧૯૮૨માં શ્રી દેશભૂષણજી મહારાજ સંઘ સહિત જયપુરથી અહીં આવ્યા હતા અને તે વખતે અહીં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. તે વખતે શ્રી મહાવીર ભગવાનની સફેદ પાષાણની ૨૦ ફીટ ઊંચી ખડ્ગાસન પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આ પ્રતિમાજીને અભિષેક કરવા માટે પ્રતિમાજીની બાજુમાં પાકી સીડીની વ્યવસ્થા છે.

પહાડના મંદિરને "શ્રી પાર્શ્વનાથજીનું અતિશયક્ષેત્ર મંદિર" કહેવાય છે. શ્રી દેશભૂષણ મુનિ મહારાજની પ્રેરણાથી અહીં એપ્રિલ, ૧૯૬૬માં પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. તે વખતે એપ્રિલ, ૧૯૬૬માં ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂળનાયક તરીકે ખડ્ગાસન ૭ ફીટ ઊંચી શ્યામ પાષાણની પ્રતિમાની સ્થાપના થઈ હતી. તેમની બાજુમાં ડાબી તરફની દેરીમાં શ્રી મહાવીર પ્રભુ બદામી આરસના ૩॥ ફીટના પદ્માસન અને જમણી તરફશ્રી નેમિનાથ ભગવાન સફેદ આરસના પદ્માસન ૩॥ ફીટના બિરાજમાન કરેલ છે. નીચે ફરતા શ્રી કુન્દકુન્દપાદુકા તથા શ્રી ગૌતમ ગણધરના પાદુકા દેરીમાં સ્થાપિત કરેલા છે તથા ચોવીસ તીર્થંકર ભગવંતોની પદ્માસન પ્રતિમાવાળી ચોવીસ દેરીઓ છે તથા અન્ય બે ચરણપાદૂકા પણ છે.

મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થયેલ ત્યારે અહીંના વિશાળ ચોકનું નામ "મહાવીર ચોક" રાખેલું હતું. તે વખતે પર્વત ઉપર ૨। ફીટના ખડ્ગાસન ચોવીસ તીર્થંકર ભગવંતોની સ્થાપના કરી હતી. સામાન્ય રીતે જ્યાં-જ્યાં ચોવીસ તીર્થંકરોની ચોવીસ પ્રતિમા હોય છે, ત્યાં બધે લગભગ પદ્માસન પ્રતિમાજી જ હોય છે. જ્યારે અહીં ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને છે. ત્યાર પછી બીજી વેદીમાં શ્રી આદિનાથ ભગવાન, શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજી ભગવાનની ખડ્ગાસન પ્રતિમાજીઓની સ્થાપના કરેલી છે. મહાવીર ચોકમાં જે જિનાલય કર્યું છે તે આખૂયે જિનાલય સફેદ આરસનું છે. મહાવીર ચોક ૭૫x૬૫ ફીટનો છે તથા મંદિરનું શિખર ૬૦ ફીટ ઊંચું અને વિશાળ છે.

ચુલગિરિ પહાડ ઉપર "ત્રિદ્ધી-સિદ્ધિદાયક વિજય પતીકા" નામનું ત્રાંબાનું ૪x૪ ફીટનું મહાયંત્ર મૂકેલું છે. આ મહાયંત્રમાં ૬૫૬૧ કોષ્ટક છે, જેમાં સ્વર, વ્યંજન, જાપ, સ્વસ્તિકચિન્હ, માનસ્થંભજી, અર્હન્તપૂર્તી શ્રુતઅક્ષર, યક્ષ-યક્ષીણીઓ અને દેવીઓના નામો વિગેરે કોતરેલું છે. આ મહાયંત્રને સર્વ પ્રકારનું સંકટમોચક માનવામાં આવે છે.

૧૯૮૨ના ચોમાસા પછી નવેંબરમાં ચૂલગિરિ ક્ષેત્રની વ્યવસ્થા સંભાળવા માટે ૧૧ વ્યક્તિઓની એક કમિટીની રચના કરેલી છે. તા. ૨૮ મે, ૧૯૮૭માં આ ક્ષેત્રના પ્રેરક શ્રી દેશભૂષણજી મહારાજ સમાધિસ્થ થઈ ગયા. તેઓ નિર્દેશનપત્રમાં તેમની પાછળ શ્રી વિદ્યાનંદજી મહારાજને

પિઠાસન કરી ગયા હતા. તા. ૧૭ નવેંબર, ૧૯૯૭માં શ્રી વિદ્યાનંદજી મહારાજ પહાડ ઉપર પાંચ દિવસ રોકાયા હતા અને ક્ષેત્રના વિકાસ માટે સૂચનો કર્યા હતા અને હવે પછીનો ચાતુર્માસ ચુલગિરિ પહાર ઉપર કરશે તેવો વિશ્વાસ ક્ષેત્ર કમિટીને આપ્યો હતો.

કમિટીએ યાત્રીઓને પહાડ ઉપર રહેવા માટે આઠ રૂમો, એક મોટો હોલ, પાણી તથા વિજળીની સગવડતા કરાવેલ છે તથા પહાડ ઉપર બીજી નવી દસ રૂમોનું નિર્માણકાર્ય ચાલુ થયેલું હતું, જે હવે પૂર્ણ થયેલ હશે તેમ માનીએ. તે સિવાય યાત્રીઓ માટે દસ લેટ્રીન-બાથરૂમો પણ કરાવેલ છે તથા નિઃશુલ્ક ભોજનશાળા શરૂ કરેલી છે. પાર્શ્વનાથ ચોકમાં મેનેજરની ઓફિસ છે. તેમની બાજુમાં પૂજારી રહે છે. તેઓ યાત્રીઓ માટે બધી વ્યવસ્થા કરી આપે છે. ચૂલગિરિનો ફોન નં. ૦૧૪૧-૨૬૮૦૬૯૯ છે.

ચૂલગિરિમાં પહાડ ઉપર પાંડયાજીના મંદિરમાં આશરે ૫ ઈંચના સ્ફટિકમણિના પ્રતિમાજી નાનકડા નક્શીકામવાળા મૂકેલા છે. આ દેરી જયપુરના શ્રી રાજકુમારજી પાંડયાએ વીર નિર્વાણ સંવત ૨૫૧૪માં તા. ૧૯-૧૧-૧૯૮૯માં બંધાવેલ છે. છેલ્લી બે દેરીઓમાં શ્રી દેશભૂષણજી તથા શ્રી કુલભૂષણજી મુનિ છે.

જો એક જ દિવસ ભોજન ન મળે અથવા અથવા રાત્રે નિદ્રા ન આવે તો શરીર, અગ્નિ સમીપ રહેલ કમલપત્રની જેમ કરમાય છે - શિથિલ થાય છે; તે ઉપરાંત શસ્ત્રથી, રોગથી અને જલ આદિથી આ શરીર શીઘ્ર જ નાશ પામે છે. છેદાઈ, ભેદાઈ, કપાઈ, પીડાઈ, વિકૃત થઈ, પાણીમાં ડૂબી, અગ્નિથી બળી, પવનાદિથી પ્રતાડિત થઈ, સર્પાદિથી દંશાઈ, વિષથી મૂર્ચ્છિત થઈ, વિજળી પડવાથી, પર્વત આદિ પરથી પડી જવાથી, માળના કાટ નીચે દબાવાથી, શ્વાસોચ્છ્વાસ રૂંધાવાથી, વિકાર-ગ્રસિત થઈ ક્ષણભરમાં મરણને શરણ થાય છે અથવા તો એમ કહીએ કે જ્યાં ને ત્યાં રામ પામી જાય છે. માટે હે ચેતન ! વિચારવાન ભાઈ ! આવા ક્ષણભંગુર દેહમાં સ્થિરતાની બુદ્ધિ કેવી ? અથવા તો એના નાશમાં આશ્ચર્ય શું ? તેમાં તો નથી સ્થિરતાની વાત, તેમ જ તેના નાશમાં નથી કોઈ પણ આશ્ચર્યજનક સ્થાન.